# સુરત મહાનગરપાલિકા

## <u>પ્રેસનોટ (COVID-19)</u>

## <u>તા.૧૪/૦૪/૨૦૨૧</u>

**કેન્દ્ર સરકાર તથા રાજ્ય સરકારે કોવિડ-૧૯ની નવી માર્ગદર્શિકાઓ જાહેર કરી**

---

**રાજ્યના તમામ ધાર્મિકસ્થાનો તા. ૩૦.૦૪.૨૦૨૧ સુધી જાહેરજનતા માટે બંધ રાખવામાં આવશે**

---

**લગ્ન સમારંભમાં બંધ કે ખુલ્લી જગ્યામાં ૫૦ થી વધુ વ્યક્તિઓ એકઠા થઇ શકશે નહિ**

---

**તહેવારો પોતાની આસ્થા અનુસાર ઘરમાં કુટુંબ સાથે ઉજવવાના રહેશે**

---

**જાહેરમાં રાજકીય,સામાજીક,ધાર્મિક કાર્યક્રમો, સત્કાર સમારંભ, જન્મ દિવસની ઉજવણી સંપૂર્ણ પ્રતિબંધિત**

નોવેલ કોરોના વાયરસને WHO દ્વારા વૈશ્વિક મહામારી જાહેર કરવામાં આવેલ છે. આ સંબંધમાં કેન્દ્ર સરકાર તથા રાજ્ય સરકાર દ્વારા સમયાંતરે સુચનાઓ તેમજ માર્ગદર્શિકાઓ બહાર પાડવામાં આવેલ છે

રાજ્યમાં કોવિડ-૧૯ની અસર કેટલાક શહેરોમાં વધારે વર્તાઇ રહી છે. જે અંગે રાજ્ય સરકારે ગંભીરતાપૂર્વક વિચારણા કરેલ છે. અંતે રાજ્ય સરકારે અમુક બાબત પર અમલમાં મુકવા નિર્ણય કરેલ છે. તા. ૧૪.૦૪.૨૦૨૧ થી અમલમાં આવે તે રીતે લગ્ન સમારંભમાં બંધ કે ખુલ્લી જગ્યામાં ૫૦થી વધુ વ્યક્તિઓ એકઠા થઇ શકશે નહિ. જે શહેરોમાં રાત્રિ **કર્ફ્યુ** અમલમાં છે ત્યાં **કર્ફ્યુ**ના સમયની અવધી દરમિયાન લગ્ન સમારંભ યોજી શકાશે નહિ. મૃત્યુના કિસ્સામાં અંતિમ વિધી, ઉત્તરક્રિયામાં ૫૦ થી વધારે વ્યક્તિ એકત્ર થઇ શકશે નહીં.

જાહેરમાં રાજકીય,સામાજીક,ધાર્મિક કાર્યક્રમો, સત્કાર સમારંભ, જન્મ દિવસની ઉજવણી કે અન્ય મેળાવડા યોજવા પર તાત્કાલિક અસરથી સંપૂર્ણ પ્રતિબંધિત રહેશે. એપ્રિલ તથા મે માસ દરમ્યાન આવતા દરેક ધર્મના તહેવારો જાહેરમાં ઉજવી શકાશે નહીં તથા જાહેરમાં લોકો એકત્ર થઇ શકશે નહી. તમામ તહેવારો પોતાની આસ્થા અનુસાર ઘરમાં કુટુંબ સાથે ઉજવવાના રહેશે.

સરકારી, અર્ધ સરકારી, બોર્ડ, કોર્પોરેશન તથા તમામ પ્રકારની ખાનગી ઓફીસોમાં કર્મચારીઓની હાજરીની સંખ્યા ૫૦% સુધી રાખવાની રહેશે અથવા alternate dayએ કર્મચારીઓ ફરજ પર આવે તેવી વ્યવસ્થા સુનિશ્ચિત કરવાની રહેશે. આવશ્યક સેવાઓને આ જોગવાઇ લાગુ પડશે નહીં. રાજ્યના તમામ ધાર્મિકસ્થાનો તા. ૩૦.૦૪.૨૦૨૧ સુધી જાહેરજનતા માટે બંધ રાખવાઅપીલ કરવામાં આવે છે. ધાર્મિક સ્થાનો ખાતેની દૈનિક પૂજા, વિધી ધાર્મિકસ્થાનોના સંચાલકો, પૂજારીશ્રીઓ દ્વારા મર્યાદિત લોકો સાથે કરવામાં આવે તે સલાહભર્યું છે. શ્રધ્ધાળુઓને પણ ધાર્મિકસ્થાનોમાં પ્રત્યક્ષ દર્શન ન કરવા જવાની વિનંતી કરવામાં આવે છે. વધુમાં આ સરકારશ્રીની માર્ગદર્શિકા હોય જેનો ભંગ કરનાર સામે એપેડેમિક ડિસિઝ એકટ ૧૮૯૭ અન્વયે કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

**જનસંપર્ક વિભાગ,સુરત મહાનગરપાલિકા તરફથી સાદર,**

**સમાચાર યાદી નં.૧૦૨,**

**તા.૧૪/૦૪/૨૦૨૧**